# મેલેરિયાને નોટીફાઈડ ડિસીઝની યાદીમાં મુકવાનો સરકારનો નિર્ણય

**મેલેરિયાનો દર્દી નોંધાતા જ તેની જાણકારી જિલ્લાતંત્રને આપવાની રહેશે : જાહેરનામુ જારી કરાયુ**

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકારે મેલેરિયાને નોટીફાઈડ રોગ તરીકે જાહેર કરવાનો મહત્વનો નિર્ણય કરી ૨૦૨૨ સુધીમાં રાજ્યમાંથી મેલેરિયા નાબુદીની દિશામાં મહત્વનું પગલુ ભર્યુ છે.

ગત વર્ષે કેન્દ્ર ડેન્ગ્યુને નોટીફાઈડની યાદીમાં મુકવાનો નિર્ણય કર્યો હતો. આ વર્ષે રાજ્ય સરકારે તેને મળેલ સત્તાની રૂએ આ મહત્વનો નિર્ણય કર્યો છે.

હવે રાજ્યમાં મેલેરિયાનો કોઈપણ જગ્યાએ દર્દી નોંધાશે તો તેની જાણ જિલ્લા તંત્રને જે તે તબીબે નોંધાયેલા દર્દી તરીકે તેના સરનામાની વિગતો સાથે કરવાની રહેશે.

રાજ્યના આરોગ્ય વિભાગના સંયુક્ત સચિવશ્રીની સહિથી આ અંગેનું જાહેરનામુ પણ પ્રગટ કરી દેવામાં આવ્યુ છે.

આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે રાજ્ય સરકારે ૨૦૨૨ સુધીમાં ગુજરાતને મેલેરિયા મુક્ત કરવાનો ઐતહાસિક સંકલ્પ કરેલ છે. આ અંતર્ગત ૧૦૪ ટોલ ફ્રી ની ખાસ સેવા પણ શરૂ કરવામાં આવનાર છે. જેમાં તાવથી પિડાતા દર્દીને તાત્કાલિક સારવાર માટેનું આયોજન છે. આ સેવા શરૂ કરવાની કવાયત પણ તંત્ર

● અનુસંધાન પાન-૭ પર



પ્રકૃતિનો વૈભવ - ગાંધીનગરમાં ગરમીના આરંભ સાથે માર્ગો પરના વૃક્ષો પર પીળા અને લાલ ફુલો ખીલી ઉઠે છે... હજુ જોકે, ગરમાળો અને ગુલમહોરને ખીલવાની વાર છે પરંતુ એ પૂર્વે પીળા અને લાલ ફુલ મુખ્ય માર્ગોની શોભામાં વધારો કરે છે... ગ્રીષ્મનના આગમનને રંગબેરંગી ફુલોથી ગાંધીનગરના વૃક્ષો વધાવે છે...

# જિલ્લાને ૨૦૨૦ સુધીમાં મેલેરિયા મુક્તિનો સંકલ્પ : દેવાંગ દેસાઈ

**માધવગઢમાં ખાસ કિસ્સામાં સ્પ્રે માટે સરકારની મંજૂરી માંગી છે : હવે હોસ્પિટલોમાં ઈન્ડોર દર્દીઓને મચ્છરદાનીથી રક્ષિત કરવાના રહેશે : કેસ બેઝ ઈન્વેસ્ટીગેશન કરાશે : હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં સંવેદનશીલ વિસ્તારો ઓળખી શકાશે : અર્બન એરિયામાં વેક્ટર કંટ્રોલ ટીમ મુકાશે**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાને ૨૦૨૦ સુધીમાં મેલેરિયા મુક્ત જિલ્લો બનાવવા માટે મારૂ તંત્ર મિશન મોડ પર કામ કરશે તેમ વિશ્વ મેલેરિયા દિવસની પૂર્વ સંધ્યાએ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ ગાંધીનગર સમાચાર સાથેની એક ખાસ વાતચીતમાં જણાવ્યુ હતુ.



તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લો મેલેરિયા માટે સ્પ્રે મુક્ત જિલ્લો રાજ્યમાં પ્રથમ બન્યો છે પણ ગત વર્ષે ગાંધીનગર તાલુકાના માધવગઢમાં એક હજારની વસ્તીએ ૧ દર્દી પોઝીટીવ કેસ મળતાં અમે ખાસ કિસ્સામાં સ્પ્રે કરવા માટે સરકારમાં દરખાસ્ત મોકલી છે. આ મંજૂરી મળતાં અમે મે ની મધ્યમાં સ્પ્રેની કામગીરી કરીશુ.

મિશન મોડ કામગીરી અંગેના પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વારંવાર જે વિસ્તારોમાંથી કેસ મળ્યા છે તેવા વિસ્તારોનો અમે અભ્યાસ કર્યો છે એટલુ જ નહિ આ માટે ડેમોગ્રાફી કરી અમે અલગ તારવ્યા છે.

અમે એક એવો પણ નિર્ણય લેવા જઈ રહ્યા છીએ કે મેલેરિયા અને ડેન્ગ્યુનો કેસ મળે તો અમે દર્દીને મચ્છરદાની આપવાનું વિચારી રહ્યા છીએ. જિલ્લામાં એક-બે છુટા છવાયા કેસ મળ્યા છે તો અમે તે દર્દીઓને હાલ મચ્છરદાની આપી દીધી છે.

દેવાંગ દેસાઈએ કહ્યુ હતુ કે જિલ્લામાં પહેલીવાર અમે તમામ હોસ્પિટલોને એક પત્ર લખી ઈન્ડોર પેશન્ટને મચ્છરદાનીથી રક્ષિત કરવા માટે જણાવ્યુ છે અને આ દિશામાં સારો પ્રતિસાદ પણ સાંપડી રહ્યો છે.

અમે નોંધાનાર તમામ દર્દીઓનો કેસ બેઝ ઈન્વેસ્ટીગેશન પણ કરીશુ કે આ દર્દીને મચ્છર ક્યાંથી કરડ્યો તો અમને તે મચ્છર ઉત્પત્તિ સ્થાન સુધી પહોંચવામાં સરળતા રહે. અમે આજથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ શરૂ કર્યુ છે જે ૨૯મી સુધી ચાલવાનું છે.

આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન સંવેદનશીલ વિસ્તારોની ઓળખ અમે કરી શકીશુ એવો વિશ્વાસ છે.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લા પંચાયતમાં હાલ ૪ ફોગીંગ મશીન છે. આ વખતે બજેટમાં અમે વધુ ૬ ફોગીંગ મશીન સ્વભંડોળમાંથી ખરીદવાનો પણ મહત્વનો નિર્ણય કરેલ છે.

મિશન મોડ કામગીરીની રૂપરેખા આપતાં દેસાઈએ જણાવ્યુ હતુ કે જિલ્લાના અર્બન એરિયામાં પહેલીવાર વેક્ટર કંટ્રોલ ટીમ મુકવાનો પણ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગત વર્ષે અમે ૩,૨૦,૦૦૦ જેટલા લોહીના નમૂના લઈ ચકાસણી કર્યા હતા. આ વખતે ત્રણ માસમાં જ અમે ૬૦ હજારથી વધુ લોહીના નમૂના લઈ અને તેની ચકાસણી કરી છે.

જિલ્લામાં બહારથી આવતા શ્રમિકોનુ નિયમિત સ્ક્રીનીંગ કરવાની પણ વ્યુહરચના તૈયાર કરી છે એટલુ જ નહિ હમણાં ભરતી પામેલા મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોને પણ તાલિમ બદ્ધ કરવાનું આયોજન છે.

તેમણે કહ્યુ કે જિલ્લામાં ૨૬૩૫ જેટલા સ્થાનો પર પોરાભક્ષક માછલી 'ગબી'ના ઉછેરની કામગીરી પણ હાલ પૂરજોશમાં છે.

જિલ્લામાં ચાલતી વિવિધ કન્ટ્રક્શન સાઈટોના સંચાલકો દ્વારા જ નિયમિત શ્રમિકોનુ સ્કીનીંગ થાય તેમજ સાઈટ પર પાણી ભરાઈ ન રહે અને મચ્છર ઉત્પત્તિ ન થાય તે માટે સમયાંતરે ફોગીંગ તેમની જાતે જ કરે તેવો આગ્રહ અમે કરવાના છીએ.

નાનો ડંખ મચ્છરોનો જિલ્લાની કોઈ વ્યક્તીને ના લાગે તે માટે અમારૂ તંત્ર ખડેપગે રહેશે. રાજ્ય સરકાર પણ ટોલ ફ્રી ૧૦૪ની સેવા શરૂ કરવા જઈ રહી છે. તે માટે પણ અમે પુરતી તૈયારીઓ આરંભી દીધી છે એટલે આ વખતનું અમારૂ આયોજન અસરકારક જ નહિ પણ ચોક્કસ ધ્યેય સાથે આગળ વધનારૂ છે એમ કહેવુ અતિશયોક્તિભર્યુ નથી.

# સે-૨૧, ૨૨ના શોપીંગમાં પાર્કિંગની સુવિધાના સુધારણા માટે ૧ કરોડ મંજુર

ગાંધીનગર, તા.૨૪

સે-૨૧ અને ૨૨ના શોપીંગ સેન્ટરોમાં આવેલ પાર્કિંગના સ્થળોની સુધારણા માટેની દરખાસ્તને આજે સ્થાયી સમિતિએ મંજૂરી આપી છે.

આજે મહાનગરપાલિકાની મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આ પાર્કિંગ વ્યવસ્થાની સુધારણા માટે રૂ. ૧ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ડીસ્ટ્રીકટ શોપીંગ તેમજ આસપાસના રાજશ્રી સિનેમા અને જીમખાના વચ્ચેના પાર્કિંગ, રાજશ્રી સિનેમાથી પેટ્રોલ પંપ તરફ જવાના માર્ગ નજીકના પાર્કિંગ, ડીસ્ટ્રીકટ શોપીંગની પાછળના ભાગના કેટલાક વિસ્તારમાં સીસીરોડ બનાવવા સહિતની બાબતો તેમજ સે-૨૨ના શોપીંગમાં ચીપ ટાઈપના શોપીંગની આસપાસના વિસ્તારમાં પાર્કિંગની સુધારણાની બાબતનો સમાવેશ થાય છે.

સ્થાયી સમિતિની આજની આ બેઠકમાં સે-૯ના સરિતા ઉદ્યાનમાં સ્પ્રીંકલરથી પેયજળ છંટકાવ સહિત પાઈપલાઈન અને ગટરની વ્યવસ્થા સાથે સાંકળવા માટેના પૂરક કામોની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી છે.

આ બંને દરખાસ્તો પર હવે ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજની આ બેઠકમાં બાળકો માટે શહેરના વિવિધ વિસ્તારોમાં રમકડાંઓની કીટ લગાડવા માટે કેટલીક શરતોને આધિન રહી ટેન્ડરને મંજૂરી આપવામાં આવી છે. જેમાં બે વર્ષની ગેરંટીનો પણ સમાવેશ થતો હોવાનું મનપાના સૂત્રોએ જણાવ્યું છે.

## ગરમીનું પ્રમાણ ઘટ્યું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં વધુ ઘટાડો નોંધાતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી છે. અમદાવાદ શહેરમાં પારો ગઈકાલની સરખામણીમાં વધુ ગગડ્યો હતો અને મહત્તમ તાપમાન આજે ૩૭.૩ ડિગ્રી નોંધાયું હતું. પાટનગર ગાંધીનગરમાં પારો વધ્યો હતો. જ્યારે સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ઘટીને ૩૮.૮ ડિગ્રી થયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે.

# નગરની ફુટપાથો પર હજુ ગાબડા યથાવત

**ફુટપાથની જાળવણીના નામે મીંડુ : કપાયેલા વૃક્ષોના થડીયા પણ મોર્નિંગ વોકર્સ માટે જોખમી**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં ફુટપાથ નિર્માણની કામગીરીના અંતે નગરના મોટાભાગના માર્ગો આસપાસ વોક વે ની આભા જોવા મળે છે. ફુટપાથના લીધે નગરજનોને વોક વે ઉપલબ્ધ થયો છે. પરંતુ કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની જાળવણીના નામે મીંડુ છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ ફુટપાથના ગાબડા પુરવા માટે લાખોનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ હાલ પણ નગરની ફુટપાથો પર ગાબડા તેમજ વૃક્ષોના થડીયા યથાવત જોવા મળી રહયા છે. ફુટપાથ રીપેરીંગની કામગીરીમાં પણ ખાયકી થઈ હોવાનો આક્રોશ નગરજનો ઠાલવી રહયા છે. ઘ-૨ થી ચ-૨ તરફના માર્ગ પર સ્થિત ફુટપાથ પર ગાબડા અસ્તિત્વમાં

● અનુસંધાન પાન-૭ પર


ધો. 9 થી 12 સાયન્સના
વિદ્યાર્થીઓ જોગ

- સરકારશ્રીના ફી અંગેના નિર્ણયો
- સરકારશ્રીના JEE/NEETના આધારે જ એન્જીનીયરીંગ/ મેડીકલમાં પ્રવેશ અંગેના નિર્ણયો
- સમગ્ર દેશના વિદ્યાર્થીઓ વર્ષોથી તૈયારી કરી રહ્યા છે. જ્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને આ વર્ષથી જ જાણ થઈ છે....

.... એટલે જ ....
આ પરિસ્થિતિમાં
SSV CAMPUS છે
ગાંધીનગર, ગુજરાતના વિદ્યાર્થીઓની સાથે....
એટલે જ અહીં છે...
અનુભવી, કુશળ, સમર્પિત શિક્ષકગણ
શિક્ષકોના સખત પરિશ્રમ અને અનુભવથી તૈયાર કરાયેલું JEE/NEET લેવલનું સ્ટડી મટીરીયલ્સ
દરરોજ બે વાર શિક્ષણ સવારે ૭ થી ૧ સાંજે ૪ થી ૭ સુધી
તો, આવો અને અનુભવો સર્વશ્રેષ્ઠ શિક્ષણને...
SSV CAMPUS
a new hope



સંજય પટેલ [Mathematics] | દીપક સર [Biology] | રાજગોર સર [Chemistry] | વકાસ સર [Physics] | જાની સર [Physics] | જગત સર [Maths & Sci] | એમ.કે.સર [English] | પી.કે.સર [S.S]

Communicate with us....
Phone : 079 232 63 232 / 9925754098
Email : ssv.campus@gmail.com
Address : Sector-3/b, Gandhinagar
Website : www.ssvcampus.in
Whats app : 76 22 01 11 01, 9824 47 1564
www.facebook.com/SSV Campus


# આગામી દોઢ વર્ષમાં કર્મચારીઓ માટે નવા ૧૦૬૪ કોર્પોરેટ આવાસો તૈયાર કરાશે

**સે-૭ અને ૨૯ માં જુલાઇમાં નવા આવાસો તૈયાર કરાશે**
**સે-૩૦ માં નવા મકાનો તૈયાર થતા હજુ દોઢ વર્ષ લાગશે**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં હાલ સરકારી મકાનો કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે એકબાજુ સરકારી ચોપડે આવાસ મેળવવા માટેની પ્રતિક્ષાયાદી મોટી થતી જાય છે. જયારે સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહયા ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે નગરમાં આગામી દોઢ વર્ષમાં ૧૦૬૪ જેટલા નવા આવાસો તૈયાર થઈ જશે. કોર્પોરેટ લુક ધરાવતા હાઈરાઈઝ બિલ્ડીંગમાં કર્મચારીઓ માટે આવાસોનુ કામ પ્રગતિ હેઠળ છે. સે-૭ અને સે-૨૯ માં આગામી જુલાઈ મહીનામાં નવા આવાસો તૈયાર થઈ જશે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડી નાંખી નવા આવાસો બાંધવામાં આવી રહયા છે. એક દાયકાથી વધુ સમય પહેલા માર્ગ મકાન વિભાગ દ્વારા નિકાલ હેઠળના જાહેર કરાયેલા આવાસો તોડી નંખાયા બાદ આ ઠેકાણે નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જયારે કોર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જેમાં સે- ૭ માં સી કક્ષાના આવાસો બાંધવાનુ કામ પુર્ણતાના આરે છે. જયારે સે-૨૯ માં બી કક્ષાના આવાસોના નિર્માણની કામગીરી પણ ત્રણ મહીનામાં પુર્ણ કરી દેવાશે. સે-૨૯ માં બી કક્ષાના ૪૪૮ મકાનો બનાવાશે. જયારે સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવા

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદમાં ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાશે

**૩૦મી એપ્રિલ અને પહેલી મેના દિવસે ઉજવણી**

અમદાવાદ, તા. ૨૪

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાત ગૌરવ દિન પહેલી મે ૨૦૧૭ની રાજ્યકક્ષાની ઉજવણી અમદાવાદ જિલ્લામાં થઈ રહી છે જેના ભાગરુપે ૩૦મી એપ્રિલ અને પહેલી મેના રોજ ગૃહ વિભાગના અંદાજે ૧૦૧ કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કાર્યક્રમો મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે યોજાશે. આજે ગાંધીનગર ખાતે પહેલી મેની અમદાવાદ ખાતે થઈ રહેલ ઉજવણી સંદર્ભે ગૃહ વિભાગના વિવિધ વિકાસ કામોની વિસ્તૃત વિગતો આપતા ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે, વિવિધ રાષ્ટ્રીય તહેવારો જેવા કે, પ્રજાસત્તાક દિન, સ્વતંત્ર દિન તથા ગુજરાત સ્થાપના દિન જેવા તહેવારોની ઉજવણીમાં લોકો જોડાય અને લૌકને વિવિધ વિકાસ કામોની ભેટ ઝડપથી મળે તે માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય તહેવારોની

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


## ૨૫મી એપ્રિલ : વિશ્વ મેલેરિયા દિવસ

**મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવાં વાહકજન્ય રોગોથી બચવા આટલું કરીએ**

(૧) મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે.
(૨) આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
(૩) ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા - ખાબોચિયા દૂર કરીએ....
(૪) પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયમાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ - શુક્રવારને સુકા દિવસ તરીકે પાળવો.
(૫) શરીર પુરું ઢંકાય તેવા કપડા પહેરવા.
(૬) મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
(૭) સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
(૮) વહેલી સવારે તથા સાંજે ઘરના બારી-બારણા બંધ રાખવા.
(૯) ઘરની આસપાસ કે છત પર પડેલ નકામા ભંગાર તેમજ ટાયરોનો નાશ કરવો.
(૧૦) પક્ષીકુંજ, ફુલદાની, કુંડા, કુલર, ફ્રીઝની ટ્રે માં ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.
(૧૧) જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવો. આપની મચ્છરદાની નજીકના આરોગ્ય કેન્દ્ર પર મફતમાં જંતુનાશક કરી આપવામાં આવે છે.
(૧૨) કોઈપણ તાવ મેલેરિયા કે ડેન્ગ્યુ હોઈ શકે. તાવ આવે ત્યારે શરીરના ખુલ્લા ભાગ ઉપર રીપેલન્ટ લગાવવાડી મચ્છરને ચેપી બનતા અટકાવી શકાય અને અન્ય વ્યક્તિમાં રોગ ફેલાવતો અટકાવી શકાય.

**'આપના સાથ અને સહકાર થકી ગાંધીનગર જિલ્લાને ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત કરીએ'**

"End Malaria For Good." "મેલેરિયાનો અંત સારા ભવિષ્ય માટે"

**મેલેરિયા શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com